# શ્રી સ્વામિનારાયણ જ્ઞાનપીઠ સલવાવ - USA

આશીર્વાદ

પ.પૂ. પુરાણી કેશવચરણદાસજી



॥ જય સ્વામિનારાયણ ॥



પુરુષાર્થ

પ.પૂ. શાસ્ત્રી સ્વામી કપિલજીવનદાસજી



## શ્રી સ્વામિનારાયણ જ્ઞાનપીઠ, સલવાવ/ યુ.એસ.એ. સેવાકીય પ્રવૃત્તિની ઝાંખી

**પ્રોજેક્ટ : પ્રારંભ ૨૦૦૨** — **લાભાર્થી : પ્રતિવર્ષ ૫૧ જોડીઓ**



સમાજની રચના થઈ હશે ત્યાંથી સંસારને આગળ ધપાવવાનું કાર્ય સ્ત્રી અને પુરુષ ભેગા મળીને જ કરી શકે તે વાત સમજાય, મનુષ્ય બુદ્ધિશાળી હોવાની સાથે સામાજિક પ્રાણી હોય સ્ત્રી અને પુરુષના સબંધને સામાજિક રીતિરીવાજોમાં નિયમબદ્ધ કરી અને કુટુંબ-પરિવારની શ્રેષ્ઠ રચના કરી છે. સ્ત્રી - પુરુષના સંસાર માંડવાના પ્રસંગને લગ્નવિધિ સાથે જોડી એની પવિત્રતાનો ઉત્કૃષ્ટ ખ્યાલ આપ્યો છે.

પરંતુ શાસ્ત્રોક્ત વિધિ વિધાન સાથે લગ્ન કરવાની ગરીબ આદિવાસી પરિવારની આર્થિક સ્થિતિ ન હોય ત્યારે એમણે કઈ રીતે સંસાર માંડવો તે માટે સંતો એ વિચાર્યુ અને આદિવાસી સમૂહલગ્નનું આયોજન કરી આવા ગરીબ પરિવારના યુવક - યુવતીને સમુહલગ્ન માં જોડી લગ્નનો સઘળો ખર્ચ ઉપાડી લીધો, એટલું જ નહિ લગ્નગ્રંથીથી જોડાનાર યુગલ સંસારિક જીવનની શરૂઆતમાં જરૂરી ઘર ગૃહસ્થી સર-સામાન, રાચરચીલું ભેટ આપી પૂજનીય સંતોના આશીર્વાદ આપી આવા ગરીબ પછાત પરિવારોને સાંપ્રત પ્રવાહ સાથે જોડી તેમનાં જીવન ઉદ્ધાર માટે પ્રયાસરત છે.

# સમૂહલગ્ન









